
# આણંદ જીલ્લાની પોલીસ સાફલ્યગાથાની માહિતી તા.૩૦/૦૪/૨૦૧૮ થી ૦૬/૦૫/૨૦૧૮ સુધીની છે.

| | | | | |
|---|---|---|---|---|
| તા. ૩૦/૦૪/૧૮<br>થી<br>તા.૦૬/૦૫/૧૮ | આણંદ | | તા.૦૪/૦૫/૨૦૧૮<br>હું વી.પી.ચૌહાણ પોલીસ સબ ઇન્સ. પેટલાદ રૂરલ પોલીસ સ્ટેશન જી-આણંદ<br>મારી શ્રી સ.ત ફરીયાદ હકીકત એવી છે કે આજરોજ મદદનીશ પોલીસ અધિક્ષક શ્રી સંદિપ ચૌધરી પેટલાદ વિભાગ પેટલાદ નાઓના માર્ગદર્શન મુજબ અમો તથા અ.પો.કો. ઇશ્વરભાઇ યુવરાજભાઇ બ.ન-૮૦૨ નોકરી હેડ ક્વાટેર તથા અ.પો.કો. ભરતકુમાર મગનભાઇ બ.ન-૯૧૮ નોકરી મહેળાવ પો.સ્ટે. તથા અ.પો.કો. ફુલદીપસિંહ સુરેન્દ્રસિંહ બ.ન-૧૮૦ નોકરી હેડ ક્વાટેર તથા અ.પો.કો. હીરેનભાઇ શનાભાઇ બ.નં-૧૮૩ નોકરી હેડ ક્વાટેર તથા અ.પો.કો ભરતભાઇ ભાનુભાઇ બ.નં-૨૦૫ નોકરી હેડક્વાટેર એ રીતેના પેટલાદ ડિવિઝન વિસ્તારમાં બનતા ગુનાઓ અટકાવવા તેમજ વણ શોધાયેલ ગુના શોધી કાઢવા સારૂ પોલીસ અધિક્ષક શ્રી આણંદ નાઓની સૂચના મુજબ પેટલાદ રૂરલ પોલીસ સ્ટેશને કલાક ૧૮/૩૦ વાગે ભેગા થયેલ જે સમયે સાથેના અ.પો.કો. ભરતકુમાર મગનભાઇ બ.ન-૯૧૮ નાઓને બાતમી હકીકત મળેલ કે છેલ્લા દસેક દિવસથી ડભાસી ગામના ટેકરા વાળા ફળીયામા રહેતા બીપીનભાઇ ઉર્ફે પાંડે પુળાભાઇ પટેલ પોતાના રહેણાકના મકાનમા બહારથી માણસો બોલાવી ક્રિકેટ મેચનો સટ્ટો રમે રમાડે છે જે ચોકકસ બાતમી આધારે અ.પો.કો. ભરતકુમાર મગનભાઇ બ.ન-૯૧૮ નાઓને કલાક ૧૯/૦૦ વાગે ખરાઇ કરવા મોકલતા બાતમીવાળી જગ્યાએ ઘરમાં વીવો આઇ.પી.એલ ૨૦૧૮ ની ચાલતી ૨૦-૨૦ ક્રિકેટ મેચ ઉપર સટ્ટો રમવા ભેગા થયેલ હોવાની હકીકત અ.પો.કો. ભરતકુમાર મગનભાઇ નાઓએ અમોને જણાવતા અમોએ બાતમીવાળી જગ્યાએ રેડ કરવા સારૂ મદદનીશ પો.અધિ પેટલાદ નાઓનુ વોરંટ જા.નં-૯૯૭/૧૮ તા.૦૪/૦૫/૧૮ થી મેળવી બે પંચોના માણસો પો.કો ફુલદીપસિંહ નાઓએ બોલાવતા પંચોને હકીકતથી વાકેફ કરી પંચો તથા બાકીના પોલીસ માણસો સાથે કલાક ૧૯/૩૦ વાગે ખાનગી વાહનમાં બાતમીવાળી જગ્યાએ જવા રવાના થયેલ અને બાતમીવાળી જગ્યા નજીક આવતા આ વખતે બોરસદ રૂરલ પો.સ્ટે.મા ફરજ બજાવતા અ.હેડ.કો ફારૂકમીયા અયુબમીયા બ.ન.-૬૦૬ તથા એ.એસ.આઇ. ઘનશ્યામસિંહ દેહભાઇ બ.ન-૮૧૦ તથા અ.લો.ર. જીતેન્દ્રકુમાર વિઠ્ઠલભાઇ બ.ન-૫૪૩ નાઓ પણ ત્યાં પેટ્રોલીંગ ફરતા-ફરતા આવેલા અને તેઓને પણ ઉપરોક્ત વિગતે બાતમી મળેલ હોય સદરહુ બાબતે અ.પો.કો. ભરતકુમાર મગનભાઇ નાઓ દ્વારા ખરાઇ કરાવેલ હોય ડભાસી ટેકરા વાળા ફળીયામા મજકુર બીપીનભાઇ ઉર્ફે પાંડે ધુળાભાઇ પટેલ ના મકાન આગળ જતા સદર મકાનનો દરવાજો ખુલ્લો હોઇ જે દરવાજા વાટે કલાક ૨૦/૧૦ વાગે અંદર પ્રવેશ કરતા પ્રથમ ઓસરીમા ડાબી સાઇડે સંડાસ બાથરૂમ આવેલ જેના પાછળના ભાગે દાદર આવેલ જે દાદર મારફતે ચડી ઉપર જતા એક રૂમ આવેલ હતો જેમા અગર બત્તીઓ ગોઠવેલ હતી જે રૂમની વચ્ચેના ભાગે એક દરવાજો ખુલ્લો હોય જે વાટે બીજા રૂમમાં જતા પશ્ચીમની દિવાલ પાસે એક લાકડાના ટેબલ ઉપર મુકેલ હતુ જે ટી.વી ઉપર વીવો આઈ.પી.એલ ૨૦૧૮ ટુર્નામેન્ટની પંજાબ અને મુંબઈ ટીમ વચ્ચેની ૨૦-૨૦ મેચ ચાલતી હોય જેમાં ટીવી ઉપર જોતા પંજાબ નુ બેટીંગ તથા મુંબઈની બોલીંગ ચાલતી હતી જેમાં પંજાબના બે ઓવરમાં વિના વિકેટે ૧૬ રન થયેલ હતા જે રૂમમાં મધ્યના ભાગે પાંચ ઇસમો બેઠેલા હતા જેઓની સામે એક લેપટોપ તથા નવ-નંગ મોબાઇલ અલગ અલગ કંપનીના પડેલ હતા અને જે પૈકી ત્રણ ઇસમો ગ્રાહકોના સોદા મોબાઇલો ઉપર લેતા હતા જેથી તેઓને જે તે સ્થિતિમાં બેસાડી રાખી પંચો રૂબરૂ અમોએ તથા સાથેના સ્ટાફના માણસોની ઓળખ આપી તેને ક્રિકેટ સટ્ટા ની મેચ ઉપર રેઇડ કરવા સારૂ મેળવેલ વોરંટ બતાવી વોરંટ ઉપર તેની સહી લઇ સદરી ઇસમોને વારા ફરતી તેઓના નામ-ઠામ પુછતા નીચે મુજબ છે | |
| | | | ઉપયોગ કરતા હોવાનુ જણાવેલ જેનો રજીસ્ટર નંબર જોયેલ તો જી.જે. ૦૧ આર.એફ. ૦૫૫૩ નો હતો જેની કીમત રૂ ૫,૦૦,૦૦૦/- ગણી શકાય. તેમજ વડોદરાથી આવતા ઇસમોને સદરી મકાન બાબતે પુછ-પરછ કરતા મજકુર ગૌરાંગ ઉર્ફે ગવલો સુરેશભાઇ પટેલ મારફતે બીપીનભાઇ ઉર્ફે પાંડે પુળાભાઇ પટેલના પાસેથી મહીનાના રૂપીયા-૩૦૦૦/- ના ભાડેથી રાખેલ હોવાનુ જણાવેલ<br>જેથી ઉપરોક્ત તમામ ક્રિકેટ સટ્ટો રમવાના સાધનો હોય જે અંગ જડતીમાથી મળેલ રોકડા રૂ- ૩૩૩૦/- તથા મજકુર ઇસમોની અંગ જડતીમાથી તથા આઇ.પી.એલ ક્રિકેટના સટ્ટા બેટીંગના જુગાર રમવા માટે કોન્ટેક કરવા માટે રાખેલ મોબાઇલ ફોન નંગ-૧૫ જેની કુલ કી.રૂ-૮૯,૫૦૦/ તથા અન્ય ક્રિકેટ સટ્ટો રમવાના સાધનોની કી.રૂ-૩૨,૧૦૦/ તથા સ્કોડા કંપનીની રેપીડ ફોર વ્હીલ કાર નંબર જી.જે. ૦૧ આર.એફ. ૦૫૫૩ જેની કીમત રૂ-૫,૦૦,૦૦૦/ મળી કુલે રૂપિયા- ૬,૨૪,૯૩૦/- નો મુદ્દામાલ તપાસ અર્થે કબજે લીધેલ જે પૈકી સોની વાયો કંપનીના લેપટોપ બાબતે પુછતા પકડાયેલ ઇસમો પૈકી આશીક હનીફભાઇ શેખ નાઓએ પુછતા સદર લેપટોપ પોતાનું હોવાનુ અને તે લેપટોપમાં ક્રિકેટ સટ્ટો રમવા માટે રાખવામાં આવતો હિસાબ ની ગેમ ફીઝ એપ ડાઉન લોડ કરેલ હોવાનું જણાવતા સદર લેપટોપને એક કાપડની થેલીમાં બાંધી સાથેના પંચોની સહીઓવાળી કાપલી થેલીમા મુકી પંચનામાની વિગતે શીલ શીક્કા પો.સબ ઇન્સ પેટલાદ રૂરલના સીલના કરી તપાસ અર્થે કબ્જે લેવામાં આવેલ જે અંગેનું વિગતવારનું પંચનામું કલાક ૧૯/૪૫ થી ૨૧/૧૫ સુધીનું કરી લેવામાં આવેલ.<br>જેથી ઉપરોક્ત પકડાયેલ ઇસમો પૈકી નંબર ચાર(૪) નાઓએ પોતાનુ મકાન આઈ.પી.એલ. ક્રીકેટનો સટ્ટો રમવા માટે ભાડેથી નંબર એક, બે, ત્રણ નાઓને આપી તમામ આરોપીઓએ પોતાના અંગત ફાયદા સારૂ પંજાબ અને મુંબઈ વચ્ચે ની ક્રીકેટ મેચ ઉપર મોબાઇલ ઉપર ગ્રાહકો સાથે મળી અને મેચમાં ઓટસ (મેચમાં રમનાર ટીમની પરીસ્થિતિ મુજબ હારજીતના ભાવ અપડાઉન થતા હોય તે પ્રક્રિયા મુજબ) પૈસાની હારજીત કરી સટ્ટો રમી રમાડી સટ્ટો રમાડવાના સાધનો કુલે કિ.રૂ ૬,૨૪,૯૩૦/- ના મુદ્દામાલ સાથે મળી આવેલ હોય મારી પકડાયેલ ઇસમો તથા મેચમાં હારજીતનો સોદો કરાવતા ગ્રાહકો તથા તપાસમા ખુલે તે તમામ વિરુધ્ધ જુગાર ધારા કલમ ૪, ૫ તથા ૫ એ મુજબ કાયદેસર ફરીયાદ છે મારા સાહેદ સાથેના પંચો તથા પોલીસ માણસો વિગેરે છે.<br>એટલી મારી ફરીયાદ હકીકત છે<br>રૂબરૂ<br>(વી.પી. ચૌહાણ)<br>પો.સબ.ઇન્સ<br>પેટલાદ રૂરલ પો.સ્ટે | |

| | | | |
|---|---|---|---|
| | | |  |
| | | |  |
| | | | <br>પ્રતિ,<br>પોલીસ ઇન્સ.સાહેબ<br>બોરસદ ટાઉન પોલીસ સ્ટેશન<br>બો.ટા.સ્ટે.ડા.એન્ટ્રીનં.૧૭/૨૦૧૮<br>જય હિન્દ સહ અહેડ કો/ર બાબુભાઇ ખાનાભાઇ બકલ નં.૧૨૪૦ બોરસદ ટાઉન પોલીસ સ્ટેશન નાઓની વિનતી રીપોર્ટ કે..............<br>ક:૧૬/૧૫<br>બોરસદ ટાઉન પો.સ્ટે.સ્ટે.ડા.એન્ટ્રી નં.૧૭/૨૦૧૮ તા.૩૦/૦૪/૧૮ આધારે ટીનાબેન તે ધીરૂભાઇ ભીખુભાઇ નાયકા રહે.ચીચવાડા નવીનગરી તા.જી.વલસાડ નાઓની હકીકત એવી છે કે ..................<br>આ કામની બહેન ટીનાબેન તા.૨૭/૦૪/૧૮ બપોરના કલાક:૧૨/૦૦ વાગે પોતાની બહેન જયાબેન ના ઘરે પાનેરા રેલ્વે સ્ટેશનથી ડુંગરી ગામે જવા નીકળેલ દરમ્યાન પોતે અભણ હોવાથી ગફલતના કારણે ટ્રેનમાં ભૂલી પડી જતાં રેલ્વે સ્ટેશનથી ડુંગરી જવાના બદલે વડોદરા તરફની ટ્રેનમાં બેસી જતાં વડોદરા કઠાણ રેલ્વેમાં, બોરસદમાં ઉતરી બોરસદ કેતાન નગરમાં આવી જતાં અમો તા.૩૦/૦૪/૧૮ કલાક: ૦૦/૦૦ થી ૦૫/૦૦ ની ફરજ અ.હેડ કો/ર બાબુભાઇ ની તથા ડ્રા.પો.કો.રજ્જાકમીયાં ની બોરસદ ટાઉન ટ્ર.મોબાઇલમાં નાઇટ પેટ્રોલીંગ હોઇ અમારી નજર કેતાન નગરમાં આવેલ એક ઓટલા ઉપર એકલી સૂઇ રહેલ બહેન માણસ પર પડતાં અમોએ જઇ ખાત્રી તપાસ કરતાં પૂછપરછ કરતાં તે ટ્રેનમાં ભૂલી પડી જતાં બોરસદમાં આવેલ છે.જે બહેને ત્રણેક દિવસથી જમ્યા વગરની હોઇ પોતાના શરીરમાં કમશક્તિ હોવાનુ અને બિમાર થઇ ગયેલાનું જણાવતા સદરી બહેનને બોરસદ ટાઉન પો.સ્ટે. લઇ આવી પો.સ્ટે.ઓ એ.એસ.આઇ.રામદાસ નારણભાઇ બકલ નં.૧૨૯૮ ને જાણ કરતાં તથા પો.ઇન્સ.શ્રી એ.આર.પલાસ સાહેબને જાણ કરતાં, અમોને પો.સ્ટે.ઓ તરફથી સદરી બહેનને સારવાર અપાવવાની મેડીકલ યાદી લખી આપતાં તથા મદદમાં વુમન પો.કો.કાજલબેન રાજેશભાઇને આપતાં સી.એચ.સી બોરસદ ના દવાખાને ટીનાબેનને સારવાર અપાવેલી. દરમ્યાન મોબાઇલ નેટ ઉપર ડ્રા.પો.કો.રજ્જાકમીયાં બદરૂમીયાં નાઓએ વલસાડની અતુલ ચોકીના ઇન્ચાર્જનો કોન્ટેકટ કરતાં અ.હેડકો નીતીનભાઇ ભગુભાઇ ને મો.નં૯૫૮૬૨૦૮૧૮૧ ઉપર વાત કરતાં તેના વાલીવારસોને શોધી જાણ કરવા તજવીજ કરેલી. દરમ્યાન તેને સારૂ થતાં બો.ટા.પો.સ્ટે.લાવી ચહા નાસ્તો કરાવેલ તથા જમવાની વ્યવસ્થા કરી જમાડેલ અને તે પછી ટીનાબેનના ભાઇ સંજયભાઇ ધીરૂભાઇ નાયકા તથા બહેન જયાબેન ધીરૂભાઇ નાયકા તથા બનેવી મહેશભાઇ નગીનભાઇ નાયકા રહે.ચીચવાડા નવીનગરી તા.જી.વલસાડ નાઓ તા.૩૦/૦૪/૧૮ ના રોજ કલાક ૧૫/૪૫ વાગે બોરસદ ટાઉન પો.સ્ટે.આવતાં તેઓના વિગતવારના નિવેદનો મેળવી ટીનાબેન ડો/ઓ ધીરૂભાઇ નાયકાની સોંપણી તેઓને કરેલ હતી.જે સ્ટે.ડા.એન્ટ્રી કામે લીધેલ નિવેદનો તથા સારવાર મેડીકલ યાદીની નકલ, ફોટોગ્રાફ પેટામાં સામેલ રાખી કાગળો ફાઇલે કરવા વિ.થાય આજ તા.૦૬/૦૫/૨૦૧૮<br>(બી.કે.રાઠોડ)<br>અહેડ કો/ર બોરસદ ટાઉન પો.સ્ટેશન |

| | | |
|---|---|---|
| | |  |

**સહી/-**

**(કોમલ વ્યાસ)**

**ના.પો.અધિ.મુખ્ય મથક અને**

**ઇ-ગુજકોપ નોડલ અધિકારી**

**આણંદ.**

**પ્રતિ,**

ડાયરેકટર શ્રી, (ઇ-ગવર્નન્સ), ગુજરાત ઇન્ફોર્મેટીકસ લી.,
બ્લોક નં.-૧, આઠમો માળ, ઉધ્યોગ ભવન, સેકટર-૧૧,
ગાંધીનગર. ઇ-મેઇલ - gujinfo.gog@gmail.com

**<u>નકલ સવિનય રવાના</u>** :-

પોલીસ મહાનિરીક્ષકશ્રી, અમદાવાદ વિભાગ, અમદાવાદ.